દિવસે ડીસામાં પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવરના વરદ હસ્તે દીક્ષિત બનીને તેઓ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી જિનપ્રભવિજયજી મહારાજ બન્યા.

પ્રારંભથી જ સંયમસાધના પ્રત્યે ઉત્કૃષ્ટ સ્નેહ હતો. એમાં ગજબના ગુરુદેવોનો ભેટો થઈ ગયો, પછી કમીના જ શી રહે! નિત્ય એકાસણાં, શુદ્ધ આહાર-પાણીની ગવેષણા, સ્થંડિલ માટે બહિર્ભૂમિનો આગ્રહ ઇત્યાદિ અનેક આદર્શ ગુણો સાથે જ્ઞાન-ધ્યાન અને જપ-તપમાં પણ વિકાસ સાધી રહ્યા. વર્ષો પછી તેઓશ્રીના સંસારી પિતા ચીમનલાલ પણ સંયમી બન્યા. આજે તેઓ પૂ. તપસ્વી મુનિરાજ શ્રી વારિષેણવિજયજી મહારાજ તરીકે સુંદર સંયમસાધના કરી રહ્યા છે. છેલ્લાં કેટલાંયે વર્ષોથી રાજસ્થાનની ધરતી પર સતત વિચરણ કરનારા આ પિતા-પુત્રના સંયમજીવનની અમીટ છાપ રાજસ્થાનનાં ગામડે ગામડે દૃષ્ટિગોચર બને છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમિયાન ઉપધાનતપની મોસમ જામેલી જ રહેતી. તેઓશ્રીની નિશ્રામાં વર્ષ દરમિયાન બે-ત્રણ વખત ઉપધાન થાય જ; અને મોટી સંખ્યામાં આરાધકો પણ હોય જ, એવાં દૃષ્ટાંતો અસંખ્ય મળી આવે. પૂજ્યશ્રીનો શાંત અને પરોપકારી સ્વભાવ એમાં ઘણો સહાયક રહ્યો હતો. અનેક ઉપધાનો, ઉજમણાઓ, સંઘો, પ્રતિષ્ઠા-મહોત્સવો આદિ પ્રભાવનાઓના નિશ્રાદાતા શ્રી જિનપ્રભવિજયજી ગણિવરને સં. ૨૦૪૩ના પોષ વદ ૬ને દિવસે ડીસા મુકામે આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરાયા હતા. શાસનની સુંદર આરાધના-પ્રભાવના કરી જનાર પૂજ્યશ્રી સંયમપર્યાયના ૩૯મા વર્ષે શંખેશ્વરતીર્થની પાવન છત્રછાયામાં સં. ૨૦૪૫ના ચૈત્ર સુદ પાંચમે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીની ભવ્ય સ્મશાનયાત્રા તેઓશ્રીની લોકચાહનાની અમર સાક્ષી બની રહી. હૃદયપૂર્વક વંદન હજો એ પરમ પ્રભાવક સૂરિવરને!

'સિદ્ધાંત દિવાકર', સમર્થ શાસ્ત્રવેત્તા, કર્મ સાહિત્યના ગહન અભ્યાસી, પ્રકાંડ પંડિત, વૈયાવચ્ચમાં વિનમ્ર ભક્ત, પ્રાયશ્ચિત્તમાં વડીલ

# પૂ. આચાર્યશ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ

કેટલીક વિભૂતિઓ પૂર્વજન્મના સંસ્કારબળે આ ભવમાં એટલી તેજસ્વી અને યશસ્વી બની જતી હોય છે કે જગત એને આશ્ચર્યની દૃષ્ટિથી જ નિહાળી રહે છે. એમના એક એક અદ્ભુત કાર્યને સાનંદ નિહાળી રહે છે. ૧૨–૧૩ વર્ષની કુમળી વયે એક તોફાની બાળક વૈરાગ્યમાર્ગે ડગ માંડે અને મહાન શાસ્ત્રવેત્તા તરીકે પ્રસિદ્ધ થાય એ આશ્ચર્ય સિદ્ધાંતદિવાકર પૂ. આ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજના જીવન સાથે જોવા મળે છે. પૂજ્યશ્રીનો જન્મ મુંબઈમાં સં. ૧૯૯૨ના અષાઢ વદ બીજને દિવસે થયો હતો. પિતાનું નામ મફતલાલ અને માતાનું નામ કાંતાબહેન હતું. તેઓશ્રીનું સંસારી નામ યથાનામ જવાહરલાલ હતું. જવાહર નાનપણમાં તોફાની હતા. એને જોઈને કોઈ કલ્પના પણ ન કરી શકે કે આ બાળક મોટપણે મહાન શાસ્ત્રવેત્તા બનશે. સં. ૨૦૦૬માં પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ મુંબઈમાં બિરાજમાન હતા. મફતલાલભાઈ બાળક જવાહરને લઈને પૂજ્યશ્રીનાં દર્શને જતા. પૂજ્યશ્રીના સત્સંગ અને ઉપદેશની જવાહરના માનસ પર અદ્ભુત અસર થઈ અને તેને પરિણામે પિતા મફતલાલ પણ સંયમ સ્વીકારવા તત્પર બન્યા. સં. ૨૦૦૬ના વૈશાખ વદ ૬ને દિવસે ભાયખલા આદીશ્વર ભગવાનના જિનાલયમાં પૂ. ગુરુદેવશ્રીને વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી. પિતા પૂજ્યશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી ધર્મઘોષવિજયજી બન્યા અને પુત્ર જવાહરે પિતાગુરુનું શિષ્યપદ સ્વીકારીને મુનિશ્રી જયઘોષવિજયજી રૂપે શ્રમણસંઘમાં જિનશાસનનો જયઘોષ કરવા પ્રવેશ કર્યો.

દીક્ષા ગ્રહણ કરીને મુનિરાજે પૂ. ગુરુદેવ સાથે પાલીતાણા પધાર્યા. ત્યાં પૂ. આચાર્ય-ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં શાસ્ત્રાભ્યાસ આરંભ્યો. મુનિશ્રી જયઘોષવિજયજી મહારાજ અતિ અલ્પ સમયમાં ચંચળતા, તોફાન, ખેલ, કુતૂહલ આદિ રજોગુણી ભાવોને વીસરી ગયા અને ગંભીર બની ગયા. તેઓશ્રીમાં નમ્રતા, સરળતા, કોમળતા, ચપળતા, સમર્પણ, સત્યપ્રેમ, સહિષ્ણુતા, સહાનુભૂતિ અને સંયમના ગુણોનો વિકાસ થવા લાગ્યો. સ્વાધ્યાયપ્રેમની સાથોસાથ વિનયવિવેક અને વૈયાવચ્ચના ગુણોનો પણ ખૂબ જ વિકાસ થયો. મુનિશ્રીએ અન્ય મુનિવરો સાથે સંસ્કૃત વ્યાકરણ, કાવ્યો, પ્રકરણો, ભાષ્યો આદિનો અભ્યાસ કરી લીધો. તદુપરાંત પૂ. ગુરુદેવની આજ્ઞાથી પૂ. આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે કર્મસાહિત્યમાં પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીએ મુનિવર્યને ૬ કર્મગ્રંથો, કમ્મપયડી, પંચસંગ્રહનું અધ્યયન કરાવ્યું. પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજે પ્રાચીન–નવ્ય તર્કશાસ્ત્ર, નય–પ્રમાણ નિક્ષેપા આદિનું અધ્યયન કરાવ્યું. મુનિશ્રી જયઘોષવિજયજી મહારાજની જ્ઞાનપિપાસા અદ્ભુત હતી. રાત્રે ૧૨–૧ વાગે ઊઠીને કમ્મપયડી અને ઓઘનિર્યુક્તિ જેવા ગ્રંથોને આમૂલચૂલ કંઠસ્થ કર્યા.

તેઓશ્રીની ગુણવત્તા અને પાત્રતા નિહાળીને પૂ. ગુરુદેવે આચાર અંગે ઉત્સર્ગ–અપવાદ માર્ગનું સચોટ જ્ઞાન આપવા માટે શ્રી નિશીથસૂત્ર, શ્રી બૃહદ્કલ્પ, વ્યવહાર વગેરે ઉત્સર્ગ–અપવાદ માર્ગના આચાર અને પ્રાયશ્ચિત્તના છેદસૂત્રો સાંગોપાંગ ભણાવ્યાં. એમાં ટૂંકા ગાળામાં જ પૂજ્યશ્રીએ પ્રવીણતા–પારંગતતા પ્રાપ્ત કરી. પૂ. આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પણ તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તાથી અત્યંત પ્રભાવિત હતા. કર્મ, આચાર આદિ બાબતો વિશે 'જયઘોષ'ની સલાહ લેવાનું કહેતા આ રીતે પૂજ્યશ્રી સમુદાયમાં વિશ્વાસપાત્ર ગીતાર્થ સાધુ તરીકે પ્રતિષ્ઠા પામ્યા. પૂ. ગુરુદેવોની કૃપા અને પૂજ્યશ્રીની પોતાની પ્રતિભા અને પુરુષાર્થને પરિણામે તેઓશ્રીનો શાસ્ત્રબોધ એટલો બધો વ્યાપક, વિસ્તૃત અને વિપુલ થઈ ગયો કે તેઓશ્રી 'લિવિંગ લાઇબ્રેરી'—જીવંત જ્ઞાનભંડાર તરીકે ઓળખાવા માંડ્યા. પૂજ્યશ્રીના શાસ્ત્રજ્ઞાનની સમુદાય કે શ્રમણવર્ગમાં જ નહીં, પણ સઘળાં ક્ષેત્રોમાં પ્રશંસા થઈ છે. પં. દલસુખભાઈ માલવણિયા તથા પં. અમૃતલાલ ભોજક જેવા વિદ્વાનોએ પણ પૂજ્યશ્રીની વિદ્વત્તાને વંદન કર્યાં છે.

પૂજ્યશ્રીએ પોતાના જ્ઞાનનો ઉપયોગ શાસ્ત્રોના વિશુદ્ધ પાઠો તૈયાર કરવામાં, શાસ્ત્ર-વચનોમાં ઊભી થતી ગૂંચો ઉકેલવામાં, અન્ય સંપ્રદાયો સાથે ચાલતા મિથ્યા વાદનો ઉકેલ લાવવામાં,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રોક્ત વિધિવિધાનની ખેવના કરવામાં તેમ જ આવા ઉચ્ચતમ શાસ્ત્રજ્ઞાનનો વારસો જળવાઈ રહે અને પ્રસાર પામે તે માટે અનુગામી સાધુવરોને તૈયાર કરવામાં કર્યો. સં. ૨૦૧૫માં પૂજ્યશ્રીએ જુદા જુદા મુનિવરોને પાઠ આપવાનું શરૂ કર્યું. અનેક મુનિઓ આ કાર્યમાં જોડાઈને નૂતન કર્મસાહિત્યની રચના કરવા લાગ્યા. ત્યાર બાદ પ્રકૃતિ–સ્થિતિ–રસપ્રદેશ અને એના પણ અવાંતર વિભાગો કરીને જુદા જુદા મુનિઓને એના ઉપર સંસ્કૃત ટીકા રચવા માટે સોંપાઈ. ખુદ મુનિવરશ્રીએ દીર્ઘકાળ પર્યંત નિરંતર પરિશ્રમ વેઠીને ચાર-પાંચ ગ્રંથોની ટીકા સંસ્કૃત ભાષામાં રચેલી. તે માટે ૪૦–૫૦ હજાર શ્લોકપ્રમાણ સાહિત્ય તેઓશ્રીના હસ્તે સર્જાવા પામ્યું. તેમ છતાં, પૂજ્યશ્રીમાં નિરભિમાનીતાનો ગુણ ઊડીને આંખે વળગે તેવો છે. વ્યાખ્યાનનો જરા પણ શોખ નહીં, છાપાં-ચોપાનિયાંમાં લખીને કીર્તિ મેળવવાની લાલસા નહીં, શિષ્યસમુદાયથી વીંટળાવાની ઝંખના નહીં. એકાંતપ્રિય અને અભ્યાસપ્રિય પ્રકૃતિથી જ્ઞાનસાધના અખંડ–અવિરામ ચાલતી રહે. પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે સં. ૨૦૨૮માં અમદાવાદ જ્ઞાનમંદિરમાં જૈન તત્ત્વજ્ઞાન તથા આચાર સંબંધી વાચનાઓ આપવા ભલામણ કરી, ત્યારે એકધારા છ-સાત મહિના સુધી વર્ગો ચલાવ્યા. સાન્તાક્રુઝમાં યોજાયેલી ગ્રીષ્મ ધાર્મિક શિક્ષણ શિબિરમાં પણ પૂજ્યશ્રીએ અનેકોને પ્રભાવિત કર્યા. તેથી જ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પૂર્વે સમગ્ર સમુદાયને હિતશિક્ષા રૂપે એક કલમ ઘડતા ગયા કે નાના-મોટા સૌએ આગમના વિષયમાં મુનિ શ્રી જયઘોષવિજયજીની સલાહ લેવી. છેદસૂત્રો–પ્રાયશ્ચિત્ત આદિ વિષયમાં પણ પૂજ્યશ્રી એટલા બધા મહાન ગીતાર્થ અને ગંભીર ધર્મપુરુષ છે કે અનેક શ્રાવક–શ્રાવિકાઓએ તેઓશ્રી પાસે પ્રાયશ્ચિત્ત લીધાં છે. તદુપરાંત, પૂ. ગુરુદેવશ્રી સાથે રહેતા લગભગ બધા જ સાધુમહાત્માઓની આંતરિક સારસંભાળ, સારણા–વારણા, અધ્યયન–અધ્યાપન આદિની મહત્તમ જવાબદારીને વહન કરવામાં ક્યારેય પ્રમત્તભાવ દર્શાવ્યો નથી.

પૂજ્યશ્રીએ પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના સહવાસ પ્રસંગે, તેઓશ્રીની સેવા બજાવતાં બજાવતાં શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન કર્યાં હતાં અને પૂજ્યશ્રીને અમદાવાદ પંકજ સોસાયટીમાં સં. ૨૦૩૧ના કારતક વદ ૧૦ને દિવસે મહોત્સવપૂર્વક ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું. સં. ૨૦૩૪ના વૈશાખ સુદ પાંચમે પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે પંન્યાસપદવીથી વિભૂષિત કર્યા. ત્યારબાદ, આગમશાસ્ત્રોના મર્મજ્ઞ તરીકે જૈનજગતમાં પ્રસિદ્ધ પંન્યાસપ્રવરશ્રીને સં. ૨૦૪૦ના મહા સુદ ૧૩ને દિવસે જલગાંવમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. સાથોસાથ પૂ. ગુરુદેવે તેઓશ્રીની પાત્રતા જોઈને 'સિદ્ધાંતદિવાકર'નું બિરુદ આપ્યું. ત્યારથી પૂજ્યશ્રી 'સિદ્ધાંતદિવાકર' આચાર્યશ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. પૂજ્યશ્રી વર્તમાનમાં શ્રેષ્ઠ પ્રાવચનિક પ્રભાવક આચાર્ય છે. શ્રીસંઘ તેઓશ્રીના માર્ગદર્શન વડે સતત લાભાન્વિત થતા રહે છે. બસોથી વધુ સાધુઓને તેમ જ સંખ્યાતીત શ્રાવક–શ્રાવિકાઓને પ્રાયશ્ચિત્ત અર્પીને ધર્મમાં સ્થિરતા કરાવવાનું પવિત્ર કાર્ય કર્યું છે. વૃદ્ધ સાધુઓની સારસંભાળ અને વૈયાવચ્ચ પૂજ્યશ્રીનો નોંધપાત્ર ગુણ છે. પિતા મુનિશ્રી ધર્મઘોષવિજયજી, શ્રી મતિધનવિજયજી, શ્રી રત્નાંશુવિજયજી મહારાજની જેવી રીતે સેવાભક્તિ કરી, તે જોઈને સૌનાં મસ્તક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નમી પડે છે. શાસ્ત્રોના ઊંડા અભ્યાસી, સિદ્ધાંતોમાં પારંગત પંડિત, પ્રાયશ્ચિત્તવિધિમાં વટવૃક્ષ સમા વડીલ, વૈયાવચ્ચમાં વિનમ્ર સાધુ પૂજ્યશ્રી ચાર દાયકા ઉપરનો દીક્ષાપર્યાય ભોગવી આજે અપ્રમત્તભાવે શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યોમાં મગ્ન હોય છે. શાસનદેવ પૂજ્યશ્રીને નિરામય દીર્ઘાયુષ્ય બક્ષો એવી ભાવભીની પ્રાર્થના સાથે પૂ. ગુરુદેવશ્રીના ચરણારવિંદમાં શતશઃ વંદના !

( સંકલન : પૂ. મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મહારાજ. )

## પ્રખર પ્રવચનકાર અને લોકપ્રિય ધર્મગ્રંથોના રચયિતા

# પૂ. આચાર્યશ્રી વિજયભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ

ગરવી ગુજરાતના મહેસાણા શહેરમાં સાધુચરિત મણિભાઈ અને તેમનાં શીલવતી ધર્મપત્ની હીરાબહેન રહે. તેમના બે પુત્રો કાંતિલાલ અને મૂળચંદને પૂ. આ. શ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજનો સમાગમ થતાં અને પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી (પછીથી આચાર્ય) મહારાજની વિરાગ–વાણી સ્પર્શી જતાં દીક્ષા લેવાની ભાવના જાગી. તેમાં સં. ૨૦૦૭ના મહા સુદ ૬ને દિવસે સુરતમાં દીક્ષા અંગીકાર કરીને કાંતિલાલ મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ બન્યા અને સં. ૧૯૮૯ના શ્રાવણ સુદ ૧૨ને દિવસે જન્મેલા મૂળચંદ સં. ૨૦૦૭ના પોષ વદ પાંચમે દીક્ષા અંગીકાર કરીને, રાણપુર મુકામે, પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી બન્યા.

બંને બંધુમુનિઓની સંયમયાત્રા પૂ. ગુરુવર્યોની નિશ્રામાં આગળ વધવા લાગી. બંને આગમ, પ્રકરણોના ઊંડા જ્ઞાતા બન્યા. ૪૫ આગમોના સટીક અધ્યયન ઉપરાંત ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને કાવ્યસાહિત્યનો અભ્યાસ કર્યો. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજને નાનપણથી જ લેખન અને પ્રવચનનું કૌશલ્ય વરેલું હતું. મુનિજીવનમાં એનો ખૂબ વિકાસ થતો ચાલ્યો. પૂજ્યશ્રી પ્રસિદ્ધ પ્રવચનકાર તરીકે સમુદાયમાં આદરપાત્ર બન્યા. સાથોસાથ સાહિત્યસર્જનની કુશળતા અને તત્પરતાના ગુણો પણ વિકાસ પામ્યા. 'મહાપંથનો યાત્રી' નામના પુસ્તકથી વીસ વરસની ઉંમરે આરંભાયેલી તેઓશ્રીની લેખનયાત્રા આજે સોએક જેટલાં પુસ્તકોનું સર્જન કરીને અવિરત–અપ્રમત્ત ચાલી રહી છે. પૂજ્યશ્રીએ 'જ્ઞાનસાર', 'પ્રશમરતિ' જેવા ગ્રંથો પર તત્ત્વજ્ઞાનની સર્વગ્રાહી વિવેચના, 'જૈન રામાયણ' જેવી સુદીર્ઘ કથા તેમ જ વાર્તાઓ, કાવ્યો આદિ જાતજાતનું મૌલિક સાહિત્ય સર્જ્યું છે. પૂજ્યશ્રીએ આ સાહિત્યની રચના ગુજરાતી, હિંદી, અંગ્રેજી ઇત્યાદિ ભાષાઓમાં કરી છે. મહેસાણાથી વિશ્વકલ્યાણ પ્રકાશન દ્વારા વર્ષોથી આ સાહિત્યગંગા વહી રહી છે. 'અરિહંત' નામક હિંદી માસિકમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો તથા કથાસાહિત્ય પીરસાઈ રહ્યું છે. પૂજ્યશ્રીનો પ્રેમાળ સ્વભાવ, પ્રસન્ન અને મૃદુ વ્યક્તિત્વ, સંઘશાસન માટે બહુજનહિતાય–બહુજનસુખાય વિવિધ પ્રવૃત્તિઓ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org